મહિલામંડળના પ્રમુખ નીતાબેન ખાખીની કાર્યપધ્ધતિ વખાણવાને લાયક છે. મહિલા મેમ્બરો માટે કંઇક નવું રજૂ કરવા તત્પર હોય છે. પ્રમુખ શ્રી નરેશભાઇની કામગીરી સારી રહી છે. મને ઘણા પ્રસંગોમાં તેમને નજીકથી સમજવાની તક મળી છે. તેઓ અસરકારક સમજણ ધરાવનાર પ્રમુખ સાબિત થયા છે.

વૈશ્વિક ફુગાવાને કારણે અનેક કુટુંબોના બજેટ ખોરવાઇ ગયા છે. મંડળ પણ તેમાં અપવાદ ન રહી શકે. આવક સ્થિર છે અને ફુગાવાથી જાવક વધતાં અસમતુલા સર્જાય તે સમજાય તેવી વાત છે. તેમ છતાં આપણા મેમ્બર કુટુંબો દરેક પ્રસંગે બન્ને મંડળને યાદ કરી જ્ઞાતિજન તરીકેની ફરજ નીભાવે છે અને નીભાવતા રહે તે અત્યારના ફુગાવાજન્ય સંજોગોમાં ખાસ જરૂરી છે. મેમ્બરોના આર્થિક સહકાર વગર  આવા ફંકશન શક્ય બનતાં નથી.

ચીફ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી શ્રી જગમોહન લાલણી ના સમયોચિત માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કરુ છું. ટ્રસ્ટના સહકાર્યકરો શ્રી સુભાષ શાહ, કનુભાઇ કંસારા, જયપ્રકાશ દુધેલા તથા જયંત ખાખીના સાથ સહકાર બદલ આભારની લાગણી અનુભવું છુ.

ઇન્કમટેક્ષની કલમ ૮૦ જી હેઠળ મળેલ સર્ટિફિકેટ તા. ૩૦-૩-૦૯ સુધી રીન્યુ થયેલ છે. નવા વરાયેલા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જયપ્રકાશ બી. દુધેલાને મારા તરફથી સંપૂર્ણ સાથ સહકાર અને માર્ગદર્શન મળતાં રહેશે તેની ખાત્રી આપું છું.

મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની મારી કાર્યવાહી પૂર્ણ થાય છે. જાણ્યે અજાણ્યે ક્યાંક ક્ષતિ રહી ગઇ હોય તો ક્ષમા યાચું છું.

**લિ. શ્રી શાંતિલાલ એન. કાગડા**
(મેનેજીંગ ટ્રસ્ટી)

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ.

C/o. શ્રી જે. ડી. લાલાણી, શ્રીનાથદર્શન, ૩ જે માળે, ગોલ્ડન ટોબેકોની બાજુમાં,
એસ. વી. રોડ, વિલેપાર્લા (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬.

## તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ પુરા થતા વર્ષનું આવક જાવક ખાતું

| શ્રી જાવક (ખર્ચ) | | રકમ રૂ. પૈ. | શ્રી આવક (ઉપજ) | | રકમ રૂ. પૈ. |
|---|---|---|---|---|---|
| **શૈક્ષણિક ખર્ચ** | | | યુ.ટી.આઈ.,સી.આર.ટી.એસ. આવક | | ૬૫,૨૫૦.૦૦ |
| વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ | ૧૦,૪૦૯.૦૦ | | | | |
| ટેક્ષ્ટ બુક પેટે | ૨૦,૬૭૮.૦૦ | | વ્યાજ આવક | | |
| મેરીટ મુજબ ઇનામો | ૬,૮૨૦.૦૦ | | આઈ.ડી.બી.આઈ. બોન્ડ | ૯,૦૦૦.૦૦ | |
| કોમ્પ્યુટર ફી | ૩,૦૦૦.૦૦ | | બેંક વ્યાજ | ૧૧,૨૩૫.૦૦ | |
| બ્યુટી પાર્લર ફી | ૧૧,૦૦૦.૦૦ | ૫૧,૯૦૭.૦૦ | ૮% એસ.બી.આઈ. | | |
| | | | સેવીંગ બોન્ડ (ટેક્ષેબલ) | ૧,૫૦,૦૮૦.૦૦ | ૧,૭૦,૩૧૫.૦૦ |
| **મેડિકલ સહાય** | | | | | |
| મુંબઈના જ્ઞાતિજનોને | ૧૨,૦૦૦.૦૦ | | | | |
| મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોને | ૪૯,૦૦૦.૦૦ | ૬૧,૦૦૦.૦૦ | લવાજમ (ચાલુ વર્ષ) | | ૪,૩૫૦.૦૦ |
| **આરોગ્યધામ ખર્ચ** | | | ખુશી ભેટ | | ૫૦૧.૦૦ |
| પ્રોપર્ટી ટેક્ષ, રીપેર, મેંટેનન્સ | ૧,૨૬૬.૦૦ | | | | |
| આરોગ્યધામ મકાન તથા | | | | | |
| ફર્નિચર ઘસારો | ૧૮,૩૭૩.૦૦ | ૧૯,૬૩૯.૦૦ | | | |
| **સાંસ્કૃતિક ખર્ચ** | | ૩૭,૦૯૨.૦૦ | | | |
| **એસ્ટાબ્લીશમેંટ ચાર્જીસ** | | ૧૦,૫૭૪.૦૦ | | | |
| **ચેરીટી કમિશનર ફી** | | ૩,૦૩૪.૦૦ | | | |
| **ઓડીટ ફી** | | ૧,૦૯૩.૦૦ | | | |
| **ખર્ચ કરતા ઉપજનો વધારો** | | ૫૬,૦૭૭.૦૦ | | | |
| | કુલ | ૨,૪૦,૪૧૬.૦૦ | | કુલ | ૨,૪૦,૪૧૬.૦૦ |

**શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ વતી.**

મે. નિતીશ નિગમ એન્ડ કું.
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ)

નિતીશ નિગમ
(પ્રોપ્રાઈટર)

મુંબઈ તા. ૩૧-૧૦-૨૦૦૮

શ્રી જગમોહન ડી. લાલાણી
(ચીફ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી)
શ્રી શાંતિલાલ એન. કાગડા
(મેનેજીંગ ટ્રસ્ટી)
શ્રી જયંત એચ. કંસારા
(બોર્ડ સેક્રેટરી)
શ્રી જયપ્રકાશ બી. દુધેલા
(બોર્ડ ટ્રેઝરર)

શ્રી નરેશ એમ. દુધેલા
(પ્રમુખ)
શ્રી પરાગ પી. ગોરડિયા
(ઉપપ્રમુખ)
શ્રી સંકેત એન. માવાણી
(સેક્રેટરી)
શ્રી સુરેશ એલ. ગોરડિયા
(ટ્રેઝરર)

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ.

C/o. શ્રી જે. ડી. લાલાણી, શ્રીનાથદર્શન, ૩ જે માળે, ગોલ્ડન ટોબેકોની બાજુમાં,
એસ. વી. રોડ, વિલેપાર્લા (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬.

## તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું

| ફંડ તથા જવાબદારી | | રકમ રૂ. પૈ. | મિલકત તથા લેણાં | રકમ રૂ. પૈ. |
|---|---|---|---|---|
| **ટ્રસ્ટ ફંડ ખાતું** | | | **આરોગ્યધામ મકાન ખાતું** | |
| (બાકી આગળ લાવ્યા) | | ૨,૭૭,૬૫૪.૫૩ | બાકી આગળ લાવ્યા | ૪,૩૧,૬૯૧.૦૦ |
| **શૈક્ષણિક મેડિકલ તથા રીહેબીલીટેશન ફંડ** | | | | |
| બાકી આગળ લાવ્યા | | ૯,૫૮,૮૪૨.૪૦ | **ફર્નિચર તથા ફીક્ચચર્સ** | ૫૨,૦૩૩.૦૦ |
| **આરોગ્યધામ નિર્માણ ફંડ** | | | | |
| (બાકી આગળ લાવ્યા) | | ૯,૬૨,૦૪૭.૦૦ | **રોકાણો ઇન્વેસ્ટમેન્ટસ** | |
| **મેડિકલ હેલ્પલાઈન ફાઉન્ડેશન** | | | યુ.ટી.આઈ.,સી.આર.ટી.એસ. | ૮,૫૪,૦૦૦.૦૦ |
| શ્રીમતી મૃદુલા તથા | | | આઈ.ડી.બી.આઈ. બોન્ડ | ૯૦,૦૦૦.૦૦ |
| લક્ષ્મીચંદ કળથીયા | ૩,૧૧,૦૦૦.૦૦ | | ૮% એસ.બી.આઈ. | |
| શ્રી વસંતરાય ગો. સંઘવી | | | | |
| પ્રેરિત, | ૨,૧૧,૦૦૦.૦૦ | ૫,૨૨,૦૦૦.૦૦ | (ટેક્ષેબલ) સેવીંગ બોન્ડ ૨૦૦૩ | ૧૮,૭૬,૦૦૦.૦૦ |
| | | | ફિક્સડ ડિપોઝીટ સ્ટેટ બેંક | ૧,૬૦,૦૦૦.૦૦ |
| **જ્ઞાતિ પ્રતિભા એવોર્ડ પ્રદાન ફાઉન્ડેશન** | | | ઇન્કમટેક્સ ટી. ડી. એસ | ૪૦,૦૨૭.૦૦ |
| શ્રીમતી દમયંતી તથા શ્રી જગમોહન | | | | |
| ડી લાલાણી પ્રેરિત | | ૧,૫૧,૧૧૧.૦૦ | | |
| **આરોગ્યધામ ઘસારા ફંડ** | | | **સ્ટેટ બેંક ઑફ ઇંડીયા સેવીંગ ખાતુ** | ૩૨,૮૬૯.૩૭ |
| બાકી આગળ લાવ્યા | ૧,૬૦,૨૫૯.૦૦ | | | |
| વર્ષ દરમ્યાન પ્રોવિઝન | ૧૮,૩૭૩.૦૦ | ૧,૭૮,૬૩૨.૦૦ | **બેંક ઑફ ઇંડીયા સેવીંગ ખાતુ** | ૨૭,૨૭૭.૨૬ |
| અન્ય જવાબદારી | | ૧,૦૯૩.૦૦ | રોકડ સિલક | ૦૦.૦૦ |
| એડવાન્સ લવાજમ | | ૧,૫૦૦.૦૦ | ખર્ચ પેટે એડવાન્સ | ૧,૭૯૦.૦૦ |
| આરોગ્યધામ મેઇનટેનન્સ ડિપોઝીટ | | ૧,૫૦૦.૦૦ | | |
| **શ્રી આવકજાવક ખાતું** | | | | |
| બાકી આગળ લાવ્યા | ૪,૫૫,૨૩૦.૭૦ | | | |
| ખર્ચ કરતા ઉપજનો વધારો | ૫૬,૦૭૭.૦૦ | ૫,૧૧,૩૦૭.૭૦ | | |
| કુલ | | ૩૫,૬૫,૬૮૭.૬૩ | કુલ | ૩૫,૬૫,૬૮૭.૬૩ |

**શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ વતી.**

મે. નિતીશ નિગમ એન્ડ કાું.
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ)

નિતીશ નિગમ
(પ્રોપ્રાઈટર)

મુંબઈ તા. ૩૧-૧૦-૨૦૦૮

શ્રી જગમોહન ડી. લાલાણી
(ચીફ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી)

શ્રી નરેશ એમ. દુધેલા
(પ્રમુખ)

શ્રી શાંતિલાલ એન. કાગડા
(મેનેજીંગ ટ્રસ્ટી)

શ્રી પરાગ પી. ગોરડિયા
(ઉપપ્રમુખ)

શ્રી જયંત એચ. કંસારા
(બોર્ડ સેક્રેટરી)

શ્રી સંકેત એન. માવાણી
(સેક્રેટરી)

શ્રી જયપ્રકાશ બી. દુધેલા
(બોર્ડ ટ્રેઝરર)

શ્રી સુરેશ એલ. ગોરડિયા
(ટ્રેઝરર)

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ.

C/o. શ્રી જે. ડી. લાલાણી, શ્રીનાથદર્શન, ૩ જે માળે, ગોલ્ડન ટોબેકોની બાજુમાં,
એસ. વી. રોડ, વિલેપાર્લા (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬.


## વાર્ષિક અહેવાલ - ૨૦૦૭-૨૦૦૮

**નરેશ એમ. દુધેલા**

પ્રમુખ

આદરણીય જ્ઞાતિજનો,

આપણા મહામંડળની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા તેમ જ વિક્રમ સંવત ૨૦૬૫ નાં નૂતન વર્ષમાં શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઇના પ્રમુખ તરીકે દ્વિતીય વાર્ષિક અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

સૌ પ્રથમ નવ વર્ષના નૂતન વર્ષાભિનંદન

આપે ક્યારેક ઉગતા સૂરજની લાલી જોઇ છે? આપે ક્યારેક શાંત વાતાવરણમાં વહેતા ઝરણાનો ખળખળ અવાજ સાંભાળ્યો છે ? કયારેક સાંજના પવિત્ર વાતાવરણમાં મંદિરમાં થતાં ઘંટારવના થરકતા ધ્વનિનો આનંદ અનુભવ્યો છે? આવાજ ઉગતા સૂરજની લાલી આપના જીવનમાં અંધકાર દૂર કરીને ઉજાસ ફેલાવે, આવાજ ઝરણાંનના કર્ણપ્રિય ખળખળ અવાજ જેવી જ શાંતી તમારૂં હદય અનુભવે, તથા ઘટોના થરકતાં ધ્વનિનાં અવાજ જેવો આનંદ નૂતન વર્ષમાં અનુભવવા મળે તેવી પ્રભુ પાસે હ્દયપૂર્વક પ્રાર્થના.

વાર્ષિક હિસાબો

તા .૩૧.૩.૨૦૦૮ ના રોજ પૂરાં થતાં વર્ષનાઓડિટેડ હિસાબો, આવક-જાવક ખાતું તેમજ ૩૧ માર્ચ ૨૦૦૮ રોજનું પાકું સરવૈયું આપણી વ્યવસ્થાપક સમિતી એ મંજૂર કર્યા બાદ આપ સર્વોને મોકલી આપવામાં આવેલ છે. જેની વિગતવાર સમજણ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતીભાઇ એન. કાગડાએ એમના અહેવાલમાં કરેલ છે.

મહામંડળ દ્વારા નીચે મુજબની યોજનાઓ અમલમાં મૂકેલ છે જે હજૂ પણ ચાલે છે. તેવી આ યોજનાઓનો દરેક જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતી. આ યોજનાઓનો લાભ લઇ મહામંડળનો ઉત્સાહ વધારશો.

૧. મેડીકલ ઇન્સ્યોરન્સ યોજના,

૨. શિવણ કામ યોજના,

૩. કોમ્પુટર શિક્ષણ યોજના,

**પ્રભુતામાં પગલાં**

૧. કૃણાલ મહેન્દ્રભાઇ કાગડા. તથા પૂજા કૃણાલ કાગડા. (નાલાસોપારા)

૨. કારેશ જસવંતરાય કાગડા. તથા કાગડા તથા શિવાલી રાકેશ. કાગડા (રોહા)

નવદંપત્તિ ને મહામંડળ હાર્દિક અભિનંદન પાઠવે છે.

જ્ઞાતિજનોને નમ્ર વિનંતી આપણા કોઇપણ પ્રોગ્રામ અથવા મિટીંગમાં આપ જો હાજર ન રહી શકવાનાં હો તો અમે આશા રાખીએ છીએ.કે આપ જરૂરથી એક ફોન કરી જણાવશો. આપના એક ફોનથી અન્નનો બગાડ તેમજ ખર્ચ બન્ને બચી જાય છે. આપણે સંસ્થા પાસેથી ઘણી આશા રાખી એ છીએ તો સંસ્થાને એક ફોન કરી ઉપયોગી પણ થવાં પ્રયત્ન કરશો. મને જણાવતાં આનંદ થાય છે કે આપણાં સમાજમાં અંગત ગમા-અણગમાં બાજુપર રાખી દરેક જ્ઞાતિજનો સમાજનાં દરેક કાર્યોમાં અંગત રસ લઇને સમાજને ખૂબજ સાથ સહકાર આપે છે તે બદલ જ્ઞાતિજનોનો હું અંગત રીતે હૃદયથી આભાર માનું છું. ***સમાજથી સંસ્થા ઉજળીછે ને સંસ્થાથી સમાજ*** આ સોનેરી સુત્ર દરેકે જીવનમાં યાદ રાખવા જેવું છે.

મારા બે વર્ષના કાર્યકાળ દરમ્યાન મને ચીફ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી શ્રી જગમોહનભાઇ લાલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતીભાઇ કાગડા, ઉપમેનેજીંગ ટ્રસ્ટી શ્રી કનુભાઇ કંસારા, બોર્ડ સેક્રેટરી શ્રી જયંતભાઇ ખાખી, બોર્ડ ટ્રેઝેરર શ્રી જયપ્રકાશ દુધેલા, સર્વે તરફથી જયારે પણ જરૂર પડી હોય ત્યારે સંપૂર્ણ યોગ્ય માર્ગદર્શન મળેલ છે. તે બદલ સર્વેનો ખૂબખૂબ આભાર માનું છું. ઉપપ્રમુખ શ્રી પરાગભાઇ ગોરડીયા, સેક્રેટરી શ્રી સંકેત માવાણી, ખજાનચી શ્રી સુરેશભાઇ ગોરડીયા, સહસેક્રેટરી શ્રી જયંતભાઇ કે કંસારા. તથા સહખજાનચી શ્રી પરેશભાઇ આર.કંસારા તથા કો-ઓરડીનેટર શ્રી દિલીપભાઇ જે. માવાણી સર્વેનો પણ ખૂબ જ આભાર માનું છું. જેણે દરેક કાર્યોમાં ખૂબજ સાથ સહકાર આપેલ છે. તથા દરેક કાર્યો સુંદર રીતે પૂર્ણ કર્યા છે. મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન જયંતભાઇ કંસારા, ઉપ પ્રમુખ શ્રીમતી કૌશીકાબેન લાલાણી, સેક્રેટરી

શ્રીમતી પ્રવિણાબેન પી. કંસારા અને ખજાનચી શ્રીમતી ભાવનાબેન દિલીપભાઇ માવાણીનો પણ આભારી છું. સાથોસાથ દરેક જ્ઞઆતિજનનો પણ હ્રદયપૂર્વક આભાર માનું છું. કારણ કે તમારા સાથ સહકાર વગર આપણું કોઇપણ કાર્ય સુંદર રીતે પૂર્ણ કરવું શક્ય નથી.

આ સાથે આવનાર મહામંડળના નવા પ્રમુખ શ્રી પરાગભાઇ ગોરડીયા,તથા મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ શ્રીમતી કૌશીકાબેન લાલાણીનું હું સ્વાગત કરું છું તથા નવા ચૂટાયેલા દરેક સભ્યોનું સ્વાગત કરૂ છું. તથા અભિનંદન પાઠવું છું.અને ખાત્રી આપું છું કે તેમનાં દરેક રચનાત્મક કાર્યોમાં મારો સંપૂર્ણ સાથ સહકાર રહેશે.

આ વર્ષ દરમ્યાન મારા થકી કાઇપણ ભૂલચૂક થઇ હોય તો ક્ષમા કરવા જ્ઞાતિજનોને વિનંતી કરુ છું.

**શ્રી ગુજરાતી કંસારા મહામંડળ - મુંબઇ વતી**

**લિ. : શ્રી. નરેશ એમ. દુધેલા**

**પ્રમુખ**

# શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ, મુંબઈ.

C/o. શ્રી શાંતિલાલ એન. કાગડા, ૩૦૩- શલાકા બિલ્ડીંગ,
બેંક ઓફ ઇંડિયા સંપદા સો. ગેટ, અંધેરી (ઇ.), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

**SHREE GUJARATI KANSARA MAHAMANDAL-MUMBAI**

C/o. Shantilal Kagada, 303, Salaka Building, Bank of India sampada Society Gate,
Andheri (East), Mumbai - 400 069.


તા : ૧૦/૦૯/૦૮

## વાર્ષિક અહેવાલ - ૨૦૦૭-૨૦૦૮

### શ્રીમતી નીતા જયંત કંસારા - પ્રમુખ

આદરણીય બહેના-ભાઈઓ તથા જ્ઞાતિજનો,

જય શ્રી ગોપાલ : વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ, મુંબઈના પ્રમુખ તરીકે હું નીતા જયંત કંસારા બીજા વર્ષનો વાર્ષિક અહેવાલ પ્રગટ કરતાં ઘણા જ આનંદની લાગણી અનુભવું છું.

### નવા વર્ષનો સંકલ્પ :

માત્ર એક કોડીયાના પ્રકાશથી કાજલ કેરી કોટડીમાં પ્રકાશ પુંજ ફેલાઇ જાય છે. અંધકાર ભાગી જાય છે. અંધકારને ભગાડવા માટે તેને દોષ દેવાની જરૂર નથી. જરૂર છે ફક્ત દીપ પ્રગટાવવાની, ચાલો આપણે સૌ નવા વર્ષે સંકલ્પ કરીએ કે આપણે સૌ સમરસ થઇને સમરસતા કેળવીએ અને આપણી જ્ઞાતિનાં ભાઈ બહેનોના આર્થિક, શૈક્ષણિક, સામાજીક વિકાસ માટે કાર્ય કરીએ.

### પ્રથમ મિટીંગ :

તા. ૧૯.૦૧.૨૦૦૮ ના રોજ યોગિતાબેન શૈલેષભાઈ દુધેલાના નિવાસસ્થાને યોજવામાં આવી હતી. મારી મમ્મીની તબિયત ખરાબ થઇ જવાથી હું હાજર રહી શકી નહોતી. ઉપપ્રમુખ શ્રીમતી કૌશિકાબેને મિટીંગનું સંચાલન કરી મિટીંગ સફળતાપૂર્વક પાર પાડી હતી. યમુનાષ્ટકની શરૂઆત સાથે પ્રિતી સાબુનું ડેમોનસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. વાનગી હરીફાઇમાં મેથીની વાનગીમાં પ્રથમ શ્રીમતી અલ્પા ગૌરાંગ ગોરડીયા તથા બીજા નંબરે યોગિતા શૈલેશ દુધેલાએ ઇનામ પ્રાપ્ત કર્યા હતા. અને મીટીંગ સંપન્ન કરવામાં આવી હતી.

### દ્વિતીય મિટીંગ :

તા. ૧૨.૦૪.૦૮ના રોજ શ્રીમતી મીરાબેન કીર્તિભાઇ મેઘાણીના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. યમુનાષ્ટક અને કિર્તનની ઝુક બોલાવીને મિટીંગની શરૂઆત કરવામાં આવી હતી. જીવનમાં અગત્યના સંબધોમાં સાસુ વહુના સંબંધો ગઇકાલ અને આજ એ વિષય ઉપર હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં પાંચ પોઇન્ટ આપવામાં આવ્યા હતા ૧) સાસુ વહુના સંબંધો ૨) ગઇકાલ અને આજ ૩) ખાટી મીઠી વાતો ૪) સ્નેહ સમર્પણના સંબંધનો સરવાળો ૫) સારાંશ. આ પોઇન્ટ ઉપર સુંદર લેખ લખી લાવવાનો હતો. તેમાં ૯ બહેનોએ ભાગ લીધેલ અને દરેક બહેનોએ પોતાની લાક્ષણિકતા દર્શાવીને ભાવ-પ્રતિભાવનું સુંદર નિરૂપણ કરીને લેખ લખ્યા હતા. જેમાં શ્રીમતી હર્ષાબેન દુધેલા પ્રથમ અને નીતાબેન માવાણી દ્વિતીય ક્રમે આવેલ હતા. સુંદર લેખો સાથે સુંદર સમજણનું પ્રતિરોપણ કરીને સાસુ-વહુના આજના સંબંધોને બિરદાવ્યા હતા.

### સમર કેમ્પ :

તા. ૧૯.૦૪.૨૦૦૮ ના રોજ બાળકોના સમર કેમ્પનું આયોજન શ્રીમતી કાજલબેન પરેશભાઇ કળથિયાના નિવાસ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમા કુલ ૨૫ બાળકોએ ભાગ લીધો હતો. કુલ ૬ આઇટમો સમર કેમ્પમાં શીખડાવવામાં આવી હતી. નીતાબેન માવાણી, કાજલબેન કળથિયા, મનીષા સંઘવી, ધૃતિ કાગડા, દક્ષાબેન ગોરડિયા, યોગીતા દુધેલા, મીરાબેન મેઘાણીએ બાળકોને સારી મદદ કરી હતી.

આભાર

## તૃતીય મિટીંગ :

તા. ૦૭.૦૬.૦૮ ના રોજ પ્રમુખ શ્રીમતી નીતા જયંત કંસારાના ઘરે યોજવામાં આવી હતી. યમુનાષ્ટકની શરૂઆત સાથે આ મીટીંગમાં એલોવીરા (કુંવારપાઠુ) ની પ્રોડક્ટ કમ્પની ફોર એવર લીવીંગ પ્રોડક્ટની ૨૨૦ જાતની બીમારીઓ ઉપર એલોવીરાનો અલગ-અલગ ઉપયોગ કરીને દવા બનાવવા વિશેની જાણકારી કંપની તરફથી શ્રી મનિષભાઈ શાહે આપી હતી. આ મીટીંગમાં બહેનો માટે ઉપયોગી એવી લગ્નની વિધિ અને તેમાં વપરાતી સામગ્રીઓના નામ લખીને લાવવાના હતા. જેમાં ૫ બહેનો એ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ શ્રીમતી મંદાબેન મેઘાણી તથા દ્વિતીય શ્રીમતી દિપ્તીબેન દુધેલા આવેલ હતા. બાળકો માટે આઇસ્ક્રીમ સ્ટીકમાંથી ફોટોફ્રેમની હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ શુભ ગૌરાંગ કંસારા અને દ્વિતીય જીજ્ઞાશા કીર્તિભાઈ મેઘાણી આવેલ હતા.

## ચોથી મિટીંગ :

તા. ૯.૦૮.૨૦૦૮ ના રોજ શ્રીમતી હર્ષાબેન દુધેલાના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. યમુનાષ્ટકની શરૂઆત સાથે હિંડોળાના કીર્તનની ઝુક બોલાવી મીટીંગની શરૂઆત કરવામાં આવી હતી. DEW HARBAL PRODUCT તરફથી શ્રીમતી જયોતિબેને વિગતવાર માહિતી આપી હતી. આ મીટીંગમાં નવરાત્રી તથા જ્ઞાતિ પ્રતિભા, એવોર્ડ ફંકશનને લગતા કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવી. સરપ્રાઇઝ ઇનામમાં પુજા કૃણાલ કાગડા, અલ્પા હિરેન સંઘવી, નીતા સંકેત માવાણી વિજેતા બન્યા હતા.

## મેડીકલ કેમ્પ :

મહા મંડળના પ્રમુખ શ્રી નરેશભાઈ દુધેલાના સહકારથી મહિલા મંડળના નેજા હેઠળ Eye Camp નું આયોજન કરવામાં આવેલ જેમાં ભાયંદરના પ્રખ્યાત ડોક્ટર રાજેન્દ્ર જૈન અને ઓપ્ટીશીયન ઉર્વીબેને મંડળને સારી સેવા આપી હતી. ડો. જૈન તરફથી ફ્રી દવા પણ આપવામાં આવી હતી. કુલ ૧૨૦ જ્ઞાતિજનોએ આંખોનું પરીક્ષણ કરાવ્યું હતું. માસ્ટર પ્રશાંત કંસારા, માસ્ટર હાર્દિક ગોરડીયા તથા માસ્ટર કૃણાલ કંસારાએ પોતાની કોઠાસૂઝથી મેનેજેમેન્ટ કરીને EYE CAMP સફળતાપૂર્વક પાર પાડવામાં મહત્વની કામગીરી બજાવી હતી.

## પ્રગતિના પંથે :

શ્રી પરાગભાઈ ગોરડિયા તથા ગોપાલ ગોરડીયા કોમ્પ્યુટરમાં પ્રોગ્રામ બનાવી EYE CAMP નું રજીસ્ટ્રેશન કરી, વાર્ષિક સામાન્ય સભા વખતે રજીસ્ટ્રેશન તથા લવાજમ માટે કોમ્પ્યુટરની સિસ્ટમ દાખલ કરી આપણા મંડળને ૨૧મી સદીની ઝાંખી કરાવી હતી.

મહામંડળના ટ્રસ્ટી શ્રી શાંતિભાઈ કાગડા તથા શ્રીમતી જ્યોત્સનાબેનના પુત્ર શ્રી તુષાર કાગડાને રાષ્ટ્રપતિ એવોર્ડનું સન્માન મળ્યું તે બદલ હાર્દિક આભિનંદન.

મારા પ્રમુખપદનો બે વર્ષનો સમયગાળો પૂર્ણ થાય છે. આ બે વર્ષના ગાળામાં મહામંડળના હોદ્દેદારો, મહિલા મંડળના હોદ્દદારોએ તથા જ્ઞાતિજનોએ જે સ્નેહથી સહકાર આપ્યો તેનાથી મારા દરેક કાર્ય સફળ રહ્યા તે બદલ દરેક હોદ્દેદાર તથા જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર. મારા અનુગામી શ્રીમતી કૌશિકાબેન લાલાણી તથા તેમની કમિટીને અગાઉથી અભિનંદન. શ્રી શાંતિભાઇ કાગડા મહિલા મંડળના ભીષ્મ (પિતાતુલ્ય) છે. જેઓ ૧૮ વર્ષથી મહિલા મંડળની જવાબદારી ખૂબ જ ખંતપૂર્વક નિભાવે છે. તે બદલ અંતઃકરણથી આભાર. મારા દરેક કાર્યને પ્રોત્સાહિત - માર્ગદર્શન આપી અને પોતાનું ગણી પૂરુ પાડવામાં સાથ આપી પૂર્ણ સહકાર આપ્યો એવા આપણાં લાડીલા ચીફ એકિઝક્યુટિવ ટ્રસ્ટી શ્રી જગમોહનભાઈ લાલાણીને વંદન તથા પ્રમુખ શ્રી નરેશભાઈ દુધેલાનો ખૂબ ખૂબ આભાર. મહિલા પ્રગતિ મંડળના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી કૌશિકાબેન વિ. લાલાણીને મારા તરફથી સંપૂર્ણ માર્ગદર્શન - સાથ અને સહકાર મળશે તેવી ખાત્રી આપું છું. વર્ષ દરમ્યાન કોઇપણ કાર્યમાં મારા તરફથી ક્ષતિ રહી હોય તો ક્ષમા કરવા વિનંતિ.

ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ-મુંબઈ વતી

**શ્રીમતી નીતા જયંત કંસારા**

**પ્રમુખ**

# શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ, મુંબઈ.

C/o. શ્રી શાંતિલાલ એન. કાગડા, ૩૦૩- શલાકા બિલ્ડીંગ, બેંક ઓફ ઇંડિયા સંપદા સો. ગેટ, અંધેરી (ઇ.), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## SHREE GUJARATI KANSARA MAHAMANDAL-MUMBAI

C/o. Shantilal Kagada, 303, Salaka Building, Bank of India sampada Society Gate, Andheri (East), Mumbai - 400 069.

તા. ૧૦/૦૯/૦૮

### તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ પુરા થતા વર્ષનું ઉપજ તથા ખર્ચ ખાતુ

| ખર્ચ - જાવક | ચાલુ વર્ષ | ગત વર્ષ | ઉપજ - આવક | ચાલુ વર્ષ | ગત વર્ષ |
|---|---|---|---|---|---|
| પ્રીતીભોજન તથા સ્નેહ સંમેલન ખર્ચ | ૪૦,૮૫૦.૦૦ | ૭૨,૭૭૦.૦૦ | યુ.ટી.આઈ. (CRTS) | ૯,૦૦૦.૦૦ | ૧૦,૦૦૫.૦૦ |
| લ્હાણી ખર્ચ | ૨૧,૭૨૫.૦૦ | ૨૨,૬૦૦.૦૦ | આઇ.સી.આઈ.સી.આઈ. | ૯,૭૫૦.૦૦ | ૧૧,૩૨૦.૦૦ |
| નવરાત્રી સાંસ્કૃતિક ખર્ચ | ૧૧,૬૪૨.૦૦ | ૯,૪૨૫.૦૦ | આઈ.ડી.બી.આઇ | ૭,૯૩૮.૦૦ | ૭,૯૪૮.૦૦ |
| ઇનામ વિતરણ ખર્ચ | ૨,૯૫૦.૦૦ | ૨,૪૭૬.૦૦ | એચ.ડી.એફ.સી. (MF) | ૩,૯૨૬.૦૫ | ૧,૭૪૫.૫૪ |
| પોસ્ટેજ કુરિયર | ૧,૪૫૦.૦૦ | ૪૮૪.૦૦ | શ્રી કૃષ્ણા જલ નિગમ | ૭,૮૮૦.૦૦ | ૮,૭૭૫.૦૦ |
| ટી.ડી.એસ. | ૫૫૮.૦૦ | ૧,૪૪૩.૦૦ | બેંક ફિક્સ ડિપોઝીટનું વ્યાજ | ૮,૧૧૨.૦૦ | ૧૪.૦૯૩.૦૦ |
| સ્ટેશનરી ખર્ચ (ઝેરોક્ષ) | ૮૭૩.૦૦ | ૯૦.૦૦ | સેવિંગ ખાતાનું વ્યાજ | ૨,૫૧૮.૦૦ | ૨,૩૪૦.૦૦ |
| બેંક કમિશન | - - - | ૭૪.૫૦ | પ્રાસંગિક ભેટના (લીસ્ટ મુજબ) | ૧૨,૯૫૧.૦૦ | ૩૭,૨૨૪.૦૦ |
| | | | અન્ય આવક (મહામંડળ) | ૭,૫૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| ખર્ચ કરતાં ઉપજનો વધારો | ૬,૯૨૭.૦૫ | ૩,૪૩૮.૦૪ | લવાજમ (ચાલુ વર્ષ) | ૧૭,૪૦૦.૦૦ | ૧૮,૭૫૦.૦૦ |
| કુલ | ૮૬,૯૭૫.૦૫ | ૧,૧૨,૮૦૦.૫૪ | કુલ | ૮૬,૯૭૫.૦૫ | ૧,૧૨,૮૦૦.૫૪ |

### તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું

| ફંડ તથા જવાબદારી | | ચાલુ વર્ષ | ગત વર્ષ | રોકાણો | ચાલુ વર્ષ | ગત વર્ષ |
|---|---|---|---|---|---|---|
| પંચાવ તથા | | | | યુ.ટી.આઈ. | ૧,૨૩,૫૦૦.૦૦ | ૧,૨૩,૫૦૦.૦૦ |
| લ્હાણી ફંડ | ૬,૮૬,૩૧૯.૦૦ | | | આ.ઇ.સી.આઈ.સી.આઈ. | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ |
| + વર્ષ દરમિયાન | | | | શ્રી કૃષ્ણ જલ નિગમ બોન્ડ | - - - | ૭૫,૦૦૦.૦૦ |
| ભેટના લીસ્ટ મુજબ | ૨૪,૫૦૦.૦૦ | ૭,૧૦,૮૧૯.૦૦ | ૬,૮૬,૩૧૯.૦૦ | આઇ.ડી.બી.આઈ. | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ |
| એડવાન્સ લવાજમ | ૨,૦૦૦.૦૦ | | | એચ.ડી.એફ.સી. (MF) | ૧,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ |
| | + ૨,૬૬૩.૦૦ | ૪,૬૬૩.૦૦ | ૪,૮૫૦.૦૦ | બેંક ઓફ મહારાષ્ટ્ર | ૩,૧૭,૦૦૦.૦૦ | ૨,૧૭,૦૦૦.૦૦ |
| | | | | (FDR) | | |
| ઉપજ ખર્ચ ખાતુ | | ૧,૦૪,૦૯૨.૨૮ | ૧,૦૦,૬૦૯.૨૪ | સેવિંગ ખાતાનું બેલેન્સ | ૮૬,૦૦૧.૩૩ | ૭૯,૭૧૬.૨૮ |
| ઉપજનો વધારો | | ૬,૯૨૭.૦૫ | ૩,૪૩૮.૦૪ | રોકડ સિલક | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| કુલ | | ૮,૨૬,૫૦૧.૩૩ | ૭,૯૫,૨૧૬.૨૮ | કુલ | ૮,૨૬,૫૦૧.૩૩ | ૭,૯૫,૨૧૬.૨૮ |

**શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ વતી.**

શ્રી જગમોહન ડી. લાલાણી
(ચીફ એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી)

શ્રી શાંતિલાલ એન. કાગડા
(મેનેજીંગ ટ્રસ્ટી)

શ્રી જયપ્રકાશ બી. દૂધેલા
(બોર્ડ ટ્રેઝરર)

શ્રી જયંત એચ. કંસારા
(બોર્ડ સેક્રેટરી)

**શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ-મુંબઈ વતી.**

શ્રીમતી નીતા જયંત કંસારા
(પ્રમુખ)

શ્રીમતી પ્રવીણાબેન પરેશ કંસારા
(સેક્રેટરી)

શ્રીમતી ભાવનાબેન દિલીપભાઈ માવાણી
(ખજાનચી)

# શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ, મુંબઈ.

C/o. શ્રી શાંતિલાલ એન. કાગડા, ૩૦૩- શલાકા બિલ્ડીંગ, બેંક ઓફ ઇંડિયા સંપદા સો. ગેટ, અંધેરી (ઇ.), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

**SHREE GUJARATI KANSARA MAHAMANDAL-MUMBAI**

C/o. Shantilal Kagada, 303, Salaka Building, Bank of India sampada Society Gate, Andheri (East), Mumbai - 400 069.


## તા. ૧.૪.૨૦૦૭ થી ૩૧.૩.૨૦૦૮ ના વર્ષ દરમ્યાન મહિલા પ્રગતી મંડળને મળેલ

## શુભભેટ ની યાદી

| રકમ | નામ | પ્રસંગ |
|---:|---|---|
| ૧૧,૦૦૦.૦૦ | શ્રીમતી ગુણવંતીબેન છબીલદાસ કંસારા - મુંબઈ | ખુશી ભેટ |
| ૧૧,૦૦૦.૦૦ | શ્રીમતી કંચનબેન અનંતરાય બુચ - મુલુંડ | ખુશી ભેટ |
| ૨,૫૦૦.૦૦ | શ્રી ગુજરાતી કંસારા યુવા મંડળ - મુંબઈ | મહિલા મંડળમાં બેલેન્સ જમા કરાવતાં |
| ૨૪,૫૦૦.૦૦ | પંચાવ ફંડ ખાતે મળ્યા | |

| રકમ | નામ | પ્રસંગ |
|---:|---|---|
| ૧,૩૭૭.૦૦ | શ્રી જયંત એચ. કંસારા (ભાયંદર) | નાસિક યાત્રામાં નાસ્તા માટે ભેટના |
| ૧,૨૫૦.૦૦ | શ્રી પરાગભાઈ ગોરડિયા તથા નરેશ દુધેલા | નેત્ર શિબિર સ્પોન્સર કરતાં ભેટ |
| ૧,૧૧૧.૦૦ | શ્રી નરેશ એમ. દુધેલા (કાંદિવલી) | નવી કાર ખરીદતાં |
| ૧,૧૦૦.૦૦ | શ્રી સુનીલ બીપીનભાઈ સંઘવી | લગ્ન પ્રસંગે ભેટ |
| ૧,૦૦૦.૦૦ | શ્રીમતી નયનાબેન વી. સોલંકી | ખુશી ભેટ |
| ૧,૦૦૦.૦૦ | શ્રીમતી હંસીબેન મધુસુદન પરમાર | ખુશી ભેટ |
| ૫૫૧.૦૦ | શ્રી પ્રવિણભાઈ એલ. ગોરડિયા | ચિ. ગોપાલે નવી કંપની શરૂ કરતાં |
| ૫૦૧.૦૦ | શ્રી હસમુખભાઈ મેઘાણી | નવા ફલેટના વાસ્તા પ્રસંગે |
| ૫૦૧.૦૦ | શ્રી બટુકભાઈ વ્રજલાલ (અમદાવાદ) | ખુશી ભેટ |
| ૫૦૧.૦૦ | શ્રી ગૌરાંગ કન્હાઈ કંસારા | ચિ. શુભના જન્મદિવસ પ્રસંગે |
| ૫૦૧.૦૦ | શ્રી સુરેશ એલ. ગોરડિયા | ચિ. નિકુંજને ઘરે પુત્રીજન્મ પ્રસંગે |
| ૫૦૧.૦૦ | સ્વ. શ્રી ગોકુળદાસ ભગવાન રાજકોટ હ. ત્રિલોકભાઈ | ખુશી ભેટ |
| ૫૦૧.૦૦ | સ્વ. જસવંતીબેન ગોપાળદાસ કાગડા રાજકોટ હ. ગોપાળદાસ | ખુશી ભેટ |
| ૫૦૦.૦૦ | શ્રી શૈલેષ એમ. દુધેલા (મીરા રોડ) | પુત્ર જન્મ પ્રસંગે |
| ૫૦૦.૦૦ | શ્રી મહેશ એમ. દુધેલા (મીરા રોડ) | પુત્રી દત્તક લેતાં |
| ૨૫૧.૦૦ | શ્રી ગૌરંગ મહેન્દ્રભાઈ ગોરડિયા (ભાયંદર) | લગ્ન પ્રસંગે ખુશી ભેટ |
| ૨૫૧.૦૦ | શ્રી પિનાકીન એ. કાગડા | પુત્રી જન્મનીખુશી ભેટ |
| ૨૫૧.૦૦ | શ્રી વિપુલ પન્નાલાલ | પુત્રી જન્મની ખુશી ભેટ |
| ૨૫૦.૦૦ | શ્રી લાલજીભાઈ મોહનલાલ માવાણી (રાજકોટ) | ખુશી ભેટ |
| ૨૦૧.૦૦ | હેતલ ઇક્ષ્વાકુ કંસારા (દહીંસર) | ખુશી ભેટ |
| ૨૦૧.૦૦ | સ્મિતા જયેશ તલસાણીયા | ખુશી ભેટ |
| ૧૫૧.૦૦ | દિવ્યાંગ હર્ષદરાય ફાજલિયા (અમદાવાદ) | ખુશી ભેટ |
| ૧૨,૯૫૧.૦૦ | કુલ શુભ ભેટ | |

## ૬૧ મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ

**રવિવાર તા-૦૨-૧૨-૨૦૦૭**

**ગોમંતક સેવા સંઘ હોલ - વિલે પારલે (ઇસ્ટ) મુંબઇ.**

બંધારણ તેમજ ધારા ધોરણની કલમ નં. ૬(૧), ૭ તેમજ ૮ અન્વયે તા. ૫-૧૧-૦૭ ના રોજ આપવામા આવેલ નોટીસ મુજબ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ-મુંબઇની **૬૧ મી વર્ષિક સામાન્ય સભા** તા.૨-૧૨-૦૭ ને રવિવાર ના રોજ સવારે ૧૦ કલાકે ગોમાંતક સેવા સંઘ હોલ વિલે પાર્લે (ઇસ્ટ) મધ્યે મળેલ હતી. આ સભામાં મુંબઇના કુલ ૩૦૬ જ્ઞાતિજનો તથા બહારગામના ૩૬ મહેમાનો સહિત કુલ ૩૪૨ સભ્યોની હાજરી નોંધવામાં આવી.

સવારે ૧૦ કલાકે રજીસ્ટ્રેશન બાદ જ્ઞાતિજનોનું તથા બહારગામથી આવેલ મહેમાનોનું સ્વાગત કરી ચા-કોફી લીધા બાદ સંમેલનની શરૂઆત કરી હતી.

### પ્રથમ સભા

સભાના પ્રથમ ભાગના એક ભાગ રૂપે સવારે ૧૦-૩૦ થી ૧૧-૧૫ કલાક દરમ્યાન વિધાર્થીઓ માટે (૧) ડ્રોઇંગ પેપરમાં કલર પુરવો (૨) માચીસ બોક્સમાંથી સોફાસેટ બનાવવા (૩) પપેટ મેકીંગ (૪) બળદગાડુ બનાવવું તેમજ બહેનો માટે (૧) મહારાણીજીની લોટીજીના વસ્ત્ર ઘરેથી બનાવી હોલ પર ડેકોરેશન કરવા અને (૨) ઠાકોરજીની પિછવાઇ અને પડદા ઘરેથી બનાવીને લાવવાની હરીફાઇ નું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓ તેમજ બહેનોએ ભાગ લીધો હતો. હરીફાઇ ના જજ તરીકે શ્રીમતી નયનાબેન સોલંકી તથા શ્રીમતી હંસીબેન પરમારએ સુંદર સેવા આપી હતી. જેઓનું સન્માન હરીફાઇના પરિણામની જાહેરાત બાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતા જયંત કંસારા દ્વારા કરવામાં આવ્યું હતુ.

આ વાર્ષિક સભાની મિટિંગની પ્રથમ સભાની કાર્યવાહી માટે માસ્ટર ઓફ સેરેમની તરીકે મયુરી અલ્પેશ ખાખી, ઉષ્મા સુરેશ ગોરડિયા અને જયંત હિંમતલાલ કંસારા એ ફરજ બજાવી હતી. સભાનું કાર્ય શરૂ કરતા પહેલા શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં દેશદેશાવરમાં શ્રી ઠાકોરજી ચરણ પામેલ નામી અનામી જ્ઞાતિબંધુઓ માટે બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પી હતી.

ત્યારબાદ CET શ્રી જગમોહન ડી. લાલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતીલાલ એન. કાગડા, મહામંડળના પ્રમુખ શ્રી નરેશભાઇ એમ. દુધેલા તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન જે. કંસારાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી. શ્રીમતી ભાવનાબેન ડી. માવાણી ના સુરીલા કંઠે પ્રભુની પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવ્યુ હતું.

ત્યારબાદ પ્રમુખ શ્રી નરેશભાઇ એમ. દુધેલા એ સ્વાગત પ્રવચન દ્વારા સભાને સંબોધી હતી જેને સર્વે સભ્યોએ તાળીઓથી વધાવી લીધું સેક્રેટરી શ્રી સંકેત એન. માવાણી એ તા. ૧૭-૧૨-૨૦૦૬ ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સની રજૂઆત કરી. જે અગાઉથી જ વાર્ષિક અહેવાલ માં તેનો સમાવેશ કરેલ હોવાથી તેનુ વાંચન થયેલ જાહેર કરવામાં આવ્યુ હતું. કોઇપણ જ્ઞાતિજન તરફથી મિનિટ્સને લગતાં સુધારા કે પૃચ્છા કરવામાં નહી આવતા સર્વાનુમતે મિનિટસ પસાર થયેલ જાહેર કરાઇ હતી. અને મેનેજીંગ ટ્રસ્ટી તથા

પ્રમુખ ની સહી કરવા રજૂ કરાઇ હતી. ત્યારબાદ ખજાનચી શ્રી સુરેશભાઇ એલ. ગોરડીયા એ વર્ષ ૨૦૦૬-૦૭ ના ઓડિટ થયેલા હિસાબોની રજૂઆત કરી. આ હિસાબો માટે કોઇપણ સભ્ય તરફથી પૃચ્છા કરવામાં નહીં આવતા. આ ઓડીટેડ હિસાબો મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના અહેવાલ સાથે નીચેના ઠરાવ મુબજ સર્વાનુમત્તે પસાર થયેલ જાહેર કરવામાં આવ્યા.

ઠરાવ નં - ૧

**આથી ઠરાવવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ ના ઓડિટ થયેલા હિસાબો, આવક-જાવક તેમજ તા.૩૧-૦૩-૦૭ ના રોજ સરવૈયુ / બેલેન્સ શીટ. ઓડિટના રિપોર્ટ સાથે તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતીભાઇ એન. કાગડા અને પ્રમુખ શ્રી નરેશ એમ. દુધેલા ના વાર્ષિક અહેવાલ સાથે સર્વાનુમત્તે પસાર થયેલ જાહેર કરવામાં આવે છે.**

ઠરાવ રજુ કર્તા :- શ્રી સુરેશભાઇ એલ. ગોરડીયા

ઠરાવને ટેકો આપનાર :- શ્રી સંકેત એન. માવાણી.

મહામંડળ ના ઓડિટર તરીકે મેસર્સ નિતિષ નિગમ એન્ડ.કુ.ચાર્ટડ એકાઉન્ટન્ટ સારી રીતે સેવા આપી રહ્યા છે. તેમજ આવતા વર્ષ માટે મહામંડળના ઓડિટર તરીકે ફરી નિમણુક થવાને પાત્ર છે. માટે તેઓની નિમણુક નીચેના ઠરાવ દ્વારા સર્વાનુમત્તે પસાર થયેલ જાહેર કરવામાં આવેલ.

ઠરાવ નં ૨

**આથી ઠરાવવામાં આવે છે. કે મેસર્સ નિતિષ નિગમ એન્ડ કુ. ચાર્ટડ એકાઉન્ટન્ટ ને મહામંડળ ઓડિટર તરીકે નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ માટે તેમજ આવતી વાર્ષિક સામાન્ય સભાસુધી મેનેજીંગ કમિટિ જે મહેનતાણું નક્કી કરે તે દરે મહામંડળના માન્ય ઓડિટર તરીકે નિમણુંક કરવામાં આવે છે.**

ઠરાવ રજુ કર્તા :- શ્રી નરેશભાઇ એમ. દુધેલા

ઠરાવને ટેકો આપનાર :- શ્રી જયંતભાઇ એચ. કંસારા

ત્યારબાદ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ નો અહેવાલ તેમજ ૨૦૦૬-૦૭ ના હિસાબોની રજૂઆત મહિલા પ્રગતિ મંડળના ખજાનચી શ્રીમતી ભાવનાબેન ડી. માવાણીએ કરી. આ હિસાબો માટે પણ કોઇ સભ્યો દ્વારા પૃચ્છા કરવામાં નહીં આવતા આ હિસાબો પ્રમુખના અહેવાલ સાથે નીચેના ઠરાવ મુજબ સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યા.

ઠરાન નં-૩

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ ના વાર્ષિક હિસાબો આવક જાવક તેમજ તા .૩૧-૩-૨૦૦૭ ના રોજ સરવૈયું તેમજ શ્રીમતી નીતા જયંત કંસારા ના વાર્ષિક અહેવાલ સાથે સર્વાનુમત્તે પસાર થયેલ જાહેર કરવામાં આવે છે .**

ઠરાવ રજુ કર્તા :- શ્રીમતી ભાવનાબેન ડી. માવાણી

ઠરાવને ટેકો આપનાર :- શ્રી શાંતિલાલ એન. કાગડા

ઉપરોક્ત ઠરાવ પસાર થયા બાદ મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ શ્રીમતી નીતા જયંત કંસારા એ સ્વાગત પ્રવચન આપેલ જેને સર્વ સભ્યોએ તાળીઓથી વધાવી લીધું.

ત્યારબાદ નવપરિણિત યુગલોનું બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું. સરસ્વતી સન્માન અંતર્ગત ધોરણ ૧૦-૧૨ અને ગ્રેજ્યુએશનના છેલ્લા વર્ષમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીઓનું સંબંધીત દાતાઓ કે તેઓના કુટુંબીજનો ના હસ્તે રોકડ ઇનામ આપવામાં આવ્યા. અને છેવટે હરિફાઇના વિજેતા ઇનામો નું વિતરણ તથા ભાગ લેનાર દરેક બાળ કલાકારો ને મહામંડળ તરફથી ઇનામ વિતરણ કરવામાં આવ્યું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતિલાલ એન. કાગડા એ પોતાનું વાર્ષિક પ્રાસંગિક પ્રવચનની શરૂઆત નવા વર્ષના અભિનંદન અને જયગોપાલ સાથે વધતા જતા અભ્યાસ ની મહત્તા વિષે ઉંડાણપૂર્વક સમજાવ્યું હતું તથા તેમના સુપુત્ર ચિ.તુષાર એસ. કાગડાને ભારત સરકાર તરફથી *નેશનલ એવોર્ડ ૨૦૦૭* નો એવોર્ડ ભારતના રાષ્ટ્રપ્રમુખ શ્રીમતી પ્રતિભા પાટિલના હસ્તે તા.૩.૧૨.૨૦૦૭ ના રોજ *વિજ્ઞાન ભવન* નવી દિલ્હી માં અર્પણ કરવામાં આવશે તેની જાહેરાત કરી હતી. જેને દરેક જ્ઞાતિજનોએ તાલીના ગડગડાટ સાથે વધાવી લીધું હતું.

અંતમાં આપણા લાડીલા માનનીય CET શ્રી જગમોહનભાઈ ડી. લાલાણી એ પોતાનું પ્રાસંગિક પ્રવચન આપ્યું. તેઓએ ખાસ જણાવ્યું કે આજના કાર્યક્રમની હરિફાઇનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ બપોરે લગભગ ૧.૩૦ કલાકે શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ આયોજિત પ્રિતિભોજન નિમિત્તે દરેક જ્ઞાતિજનો તથા મહેમાનોએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લેતા, એકબીજા ના વિચારો ની આપ લે કરી હતી.

**બીજી સભા**

બીજી સભા બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાક સુધી યોજાઇ હતી. જેમાં જ્ઞાતિના લગભગ દરેક બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાકે સોલોડાન્સ, ગ્રુપ ડાન્સ, ડ્રામા, ગીત, મોબાઇલના ફાયદા ગેરફાયદા વિશે સ્પીચ, મિમિક્રી, તથા જોક્સ વગેરે માં ભાગ લીધો હતો. આ વખતે ખાસ કરીને બાળકોના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બાળકોએ પોતાની કલા-કૌશલ દ્વારા જ્ઞાતિજનો ને ભરપુર મનોરંજન પુરૂ પાડયું હતુ.

છેવટે લ્હાણી વિતરણ કાર્યક્રમ માં દરેક સભ્ય કુટુંબોને ઘર દીઠ લ્હાણી તરીકે સેલમ સ્ટીલના સર્વીંગ બાઉલ આપવામાં આવ્યા. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ અને રાષ્ટ્રગીતની રજૂઆત સાથે સ્નેહસંમેલન નો કાર્યક્રમ સંપન્ન થયો અને જ્ઞાતિજનો સાંજનું હળવું ભોજન સાંજના ૭.૩૦ કલાકે લઇ સસ્મીત વિદાય થયા હતા.

**લિ. શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ વતી**

**નરેશ એમ. દુધેલા** — સેક્રેટરી

**સંકેત એન માવાણી** — સેક્રેટરી

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ.

C/o. શ્રી જે. ડી. લાલાણી, શ્રીનાથદર્શન, ૩ જે માળે, ગોલ્ડન ટોબેકોની બાજુમાં,
એસ. વી. રોડ, વિલેપાર્લા (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬.

| ફક્ત આયોજકો માટે | |
|---|---|
| Form No. | |
| Received on | |
| Collection Center | |

## વાર્ષિક સ્નેહસંમેલન-રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૦૮

હરીફાઈ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા માટેનું

## અરજી પત્રક

માનનીય સેક્રેટરી,

હું આપણા મહામંડળ દ્વારા આયોજીત હરીફાઈ/ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નીચે મુજબની હરીફાઈમાં ભાગ લેવા અરજી કરું છું. તો મારું નામ નોંધવા વિનંતી.

| સ્પર્ધક નું નામ | સ્થળ | ધોરણ | ઉંમર |
|---|---|---|---|
| | | | |

**વિદ્યાર્થીઓ માટે હરીફાઇ**

| ગ્રુપ નં. | ધોરણ | વિષય | ✔ |
|---|---|---|---|
| ૧ | નર્સરી, જુનિ.,સિનિ.કેજી, | | |
| ૨ | ધો. ૧ થી ૩ | | |
| ૩ | ધો. ૪ થી ૬ | | |
| ૪ | ધો. ૭ થી ૯ | | |

**બહેનો માટે હરીફાઇ**

| નં. | વિષય | ✔ |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |

### નિયમો તથા અગત્યની નોંધ

૧) ઉપરોક્ત "અરજીપત્રક" એક વ્યક્તિ માટેનું છે. વધારાની જરૂરીયાત માટે ફોર્મની ઝેરોક્સ કરાવી અલગથી આપવાનું રહેશે.

૨) અરજીપત્રક મોડામાં મોડું તા. ૦૭-૧૨-૨૦૦૮ સુધીમાં પેઈજ નં. ૯ માં દર્શાવેલ હોદ્દેદારોને પહોંચાડવાનું રહેશે.

૩) અધૂરી વિગતના ફોર્મ રદબાતલ કરવામાં આવશે.

૪) પેઇજ નં. ૯ માં દર્શાવેલ હરીફાઈ અંગેના બધાજ નિયમો દરેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

| ફક્ત જજીસ માટે | |
|---|---|
| ક્રમાંક | રીમાર્ક |
| | |
| સહી | |

નોટીસમાં જણાવેલ હરીફાઈ / સાંસ્કૃતિક કાર્યક્રમોને લગતા દરેક નિયમો મેં વાંચેલા છે અને મને તે બંધનકર્તા છે.

ભાગ લેનારની / વાલીની સહી

**Book - Post**

To,

______________________________

______________________________

______________________________

______________________________



# નૂતન વર્ષાભિનંદન





જય ગોપાલ

**SHREE GUJARATI KANSARA MAHAMANDAL-MUMBAI.**
C/o. Shree J. D. Lalani, Shree Nath Darshan, 3rd Floor, Near Golden Tobacco,
S. V. Road, Vile Parle (West), Mumbai - 400 056.